ગાંધીનગર સમાચાર

સિવિલની નર્સને એટીએમ મેનેજરના નામે ૩૨ હજારનો ચૂનો

# સ્માર્ટ એન્વાયરમેન્ટ સેન્સર શહેરમાં પ્રદૂષણની સ્થિતિ દર્શાવશે

## તાપમાન-ભેજ વગેરે સહિત પ્રદૂષણની માત્રા માપતા સ્માર્ટ એન્વાયરમેન્ટ સેન્સર શહેરમાં સાત સ્થળોએ લગાડવાની પ્રક્રિયા હાથ ધરાઈ : સેન્સરે માપેલા આંકડા એલઈડી સ્ક્રીન પર દર્શાવાશે

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર સ્માર્ટ સિટી બનવા સજ્જ થઈ રહ્યું છે. સ્માર્ટ સિટી પ્રોજેકટ અંતર્ગત શહેરના મુખ્ય માર્ગો પર સાત સ્થળે 'સ્માર્ટ એન્વાયરમેન્ટ સેન્સર' લગાડવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે. આ સેન્સર શહેરમાં તાપમાન-ભેજ વગેરેના આંકડા સાથે પ્રદૂષણની માત્રા પણ દર્શાવશે. આ આંકડા શહેરમાં લગાડાયેલ એલઈડી સ્ક્રીન પર પણ દર્શાવાશે.

સ્માર્ટ સિટી પ્રોજેકટ અંતર્ગત શહેર ટેકનોલોજીથી સજ્જ થઈ રહ્યું છે. વાઈફાઈ બાદ હવે શહેરમાં 'સ્માર્ટ એન્વાયર્મેન્ટ સેન્સર' થકી પ્રદૂષણની માત્રા માપી તેને નિયંત્રિત કરવા માટે જ પ્રક્રિયા હાથ ધરાશે. આ માટે શહેરના મુખ્ય માર્ગો પરના પસંદ કરાયેલા સ્થળો પર 'સ્માર્ટ એન્વાયર્મેન્ટ સેન્સર' લગાડાઈ રહ્યાં છે. અત્યારે પ્રાયોગિક ધોરણે સાત સ્થળોએ આ પ્રકારના સેન્સર લગાડવાનું કાર્ય હાથ ધરાયુ છે. સ્માર્ટ એન્વાયર્મેન્ટ સેન્સર જ તાપમાનના આંકડા,



વાતાવરણમાં ભેજનું પ્રમાણ જેવા પર્યાવરણીય માપ નોંધશે. આ ઉપરાંત આ સેન્સર હવામાં રહેલા જુદા જુદા વાયુનું જે તે સમયે પ્રમાણ કેટલું છે તે પણ નોંધશે. આ કારણે હવામાં પર્યાવરણને નુકશાન કરતા વાયુઓ જેવા કે કાર્બન ડાયોકસાઈડ, કાર્બન મોનોકસાઈડ, મિથેન ગેસ વગેરેની હાજરીની માત્રા પણ જાણી શકાશે. આ વાયુઓના પ્રમાણને કારણે વાહનોથી થતા પ્રદૂષણની માત્રાની ગણતરી કરવી ખૂબ સરળ બનશે.

આમ તો સ્માર્ટ એન્યવાર્મેન્ટ સેન્સર દર પાંચ મિનિટે તમામ આંકડાની નોંધ કરશે. ફુલ્લી ઓટોમેટિક આ યંત્ર એ નોંધેલા આંકડાનું દર કલાકે મૂલ્યાંકન કરાશે. એટલું જ નહી પરંતુ શહેરમાં લગાડાયેલા એલઈડી ટીવી સ્ક્રીન પર આ આંકડા 'લાઈવ' પ્રદર્શિત કરવામાં આવશે. આ કારણે નગરજનોને પણ શહેરના વાતાવરણની સ્થિતિનો તાદશ્ય ચિતાર મળી શકશે. ખાસ કરીને ઉનાળાના સમયગાળામાં દિવસ દરમિયાન તાપમાનના આંકડાના આધારે નગરજનોને આકરી ગરમીમાં બહાર નીકળવાનું જોખમ લેવું કે નહી તે નિર્ણય લેવો આસાન બનશે. સ્માર્ટ એન્વાયર્મેન્ટ સિસ્ટમ બેટરી બેકઅપની સુવિધા યુકત હોવાથી પાવરકટની સ્થિતિમાં પણ તેનું કાર્ય આબાદ રીતે કરી શકશે. હાલ આ પ્રકારના સેન્સર રક્ષાશકિત સર્કલ, ઘ-૦, ઘ-૪, ઘ-૭ તથા ઘ-૩ પથિકાશ્રમ સર્કલ સહિત કુલ સાત સ્થળોએ લગાડવામાં આવશે.

## @ગાંધીનગર

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રાત્રે ૯.૪૫ કલાકે સે-૧૭ ટાઉનહોલ ખાતે 'ધ વેઈટીંગ રૂમ્સ' નાટક યોજાશે.

● સે-૨૩માં આવેલ સ્વામિનારાયણ મંદિરમાં સાંજે ૫.૦૦થી ૮.૩૦ કલાક દરમિયાન બદામ-પોપટાના કલાત્મક હિંડોળામાં ઠાકોરજીને ઝુલાવવામાં આવશે.

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે સાંજે ૬.૩૦થી ૭.૧૫ કલાક દરમિયાન મયુર પંખના હિંડોળા યોજાશે.

## ગુરુવારે 'અનારકલીનો સ્વયંવર' કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૫

અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ દ્વારા આગામી તા. ૨૮ જુલાઈને ગુરુવારના રોજ સે-૨૩, ખિમજી વિસરામ હોલ ખાતે 'અનારકલીનો સ્વયંવર' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ બપોરના ૨.૩૦થી ૫.૦૦ કલાક દરમિયાન યોજાશે તેમ સંઘના પ્રમુખ શર્મિષ્ઠા બેન દવેએ અખબારી યાદીમાં આ કાર્યક્રમ અંગે જણાવ્યું છે.

## સે-૧ પેન્શનર્સ સમાજ વડીલોનું સન્માન કરશે

ગાંધીનગર, તા.૨૫

તાજેતરમં પેન્શનર્સ સમાજ સેકટર-૧ની સામાન્ય સભા યોજાઈ હતી. જેમાં સેકટર-૧માં રહેતા પેન્શનર્સ સભ્યો જેઓએ ૮૦ વર્ષ પૂર્ણ કર્યા હોય તેઓનું સન્માન કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ સન્માન સમારોહમાં પંદર સભ્યોનું સન્માન કરાશે. આ ઉપરાંત સે-૧માં રહેતા ઉત્સવ સમિતિના અને કલા ગુર્જરીના પ્રમુખ એન.પી.પટેલ જેઓની હાલ રોટરી કલબના પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે તેઓનું પણ સન્માન કરવામાં આવશે. બંને કાર્યક્રમ અધ્યક્ષ મહેન્દ્રભાઈ ત્રિવેદી-પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ અને ગુડાના અધ્યક્ષ આશિષ દવેના અધ્યક્ષસ્થાને યોજવાનું આયોજન કરાયું છે.

## શ્રાવણના દર સોમવારે સોમનાથ મહાદેવમાં લઘુરૂદ્ર

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર અને શ્રી સોમનાથ મહાદેવ સમિતિ દ્વારા સંચાલિત શ્રી સોમનાથ મહાદેવના મંદિર ખાતે આગામી પવિત્ર શ્રાવણ માસ દરમિયાન દર સોમવારે લઘુરૂદ્ર અને સોમનાથ મહાદેવને સવા લાખ બિલ્વપત્ર ચડાવવા તથા સાંજે મહાઆરતી, મહાપ્રસાદ જેવા ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. બ્રહ્મ સમાજના જે કોઈ ભાવિક ભકતોને લઘુરૂદ્રમાં બેસવાની કે બિલ્વપત્ર ચડાવવાની ઈચ્છા હોય તેઓએ શ્રી સોમનાથ મહાદેવ મંદિર, સે-૧૬ ખાતે મંદિર સમિતિના સભ્યોનો સંપર્ક કરવા જણાવાયું છે.

# આર.એન. પટેલ શાળાના વિદ્યાર્થીઓએ ખેતરની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૨૫

શ્રીમતી આર.એન. પટેલ પ્રાથમિક શાળાના ધો-૮ના વિદ્યાર્થીઓએ આખજ ગામના સરપંચ પ્રભુદાસ વી. પટેલના ખેતરની મુલાકાત લીધી હતી. આ દરમિયાન સરપંચ એ આધુનિક ખેત પધ્ધતિમાં વપરાતા સાધનો જેવા કે રોટાવેટર, કોલ્ડવેટર, ડબલમોલ્ડ પ્લાઉ, મલ્ટિપર્પઝ થ્રેશર, લેન્ડ લેવલર વગેરે સાધનો ટ્રેકટર પછળ વારાફરથી લગાવીને ખેતરમાં ખેડ કરાવીને બાળકોને નિદર્શન કરાવ્યું હતું. આ ઉપરાંત ખેતરમાં જામફળી, ચીકુડી, લિંબુડીના છોડના ધરુ તેમજ વાવેતર અંગે વિશેષ માહિતી આપી બાળકોને માહિતગાર કર્યા હતા. ખેતરમાં આંબામાં કરેલ કલમ પણ બતાવી હતી. કલમ દ્વારા સારી ગુણવત્તાવાળુ અને મહત્તમ ઉત્પાદન મેળવી શકાય છે આ અંગેની પણ માહિતી પૂરી પાડી હતી.

આ ઉપરાંત શાળાના વિદ્યાર્થીઓએ આખજ ગામમાં આવેલ પૌરાણિક કથા સાથે સંકળાયેલ અતિ પ્રાચીન એવા શકિતકુંડની મુલાકાત લીધી હતી. લોકવાયકા મુજબ આ ગામમાં મહાભારતના સમયમાં પાંડવપુત્ર ભીમના લગ્ન થયેલ હોવાનું પણ મનાય છે. ખોદકામ દરમિયાન પુરાતત્વવિદોને અહીં એક પગથિયાવાળી વાવ મળી આવી હતી જે હાલમાં શકિતકુંડ તરીકે ઓળખાય છે. આ વાવના અવશેષો તથા પ્રાચીન મૂર્તિઓને પુરાતત્વવિદો દ્વારા કરાયેલા અભ્યાસ પરથી તે સોલંકીવંશના શાસનકાળ દરમિયાન બંધાવેલ હશે તેવું મનાય છે. સમગ્ર મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ ખેતીના સાધનો સાથે પ્રાચીન ઈતિહાસની માહિતી મેળવી પ્રત્યક્ષ શૈક્ષણિક જ્ઞાન મેળવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન વિજ્ઞાન શિક્ષક હેતલબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.



સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ ગાંધીનગર દ્વારા આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી ગરીબ જરૂરિયાતમંદ વિધવા બહેનોને ખાદ્યસામગ્રીની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં ૪૫થી વધુ વિધવા બહેનોને ચોખા, ઘઉં, મગની દાળ, ગોળ, મીઠું, હળદર, ખાંડ, ચા, નહાવાના સાબુ, કપાસિયા તેલ, નિરમા પાવડર, નિરમા સાબુ અને કપડા ધોવાના સાબુ સહિતની વસ્તુઓનું વિતરણ કરાયું હતું. આ વિધવા સહાયમાં સંસ્થાના કન્વીનર મીનાબેન શાહ, બી.ડી. શાહ, ડી.એમ. પરમાર અને મંત્રી જીવણલાલ શાહ તેમજ એસ.ડી. પરમાર હાજર રહ્યા હતા.

## શ્રાવણ માસે શહેરમાં પ્રથમવાર સવા લાખ પંચમુખી રૂદ્રાક્ષના મહાશિવલિંગ દર્શન થશે

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના સેકટર-૭-સીમાં શિવશકિત મંદિર ખાતે પવિત્ર શ્રાવણ માસના પ્રારંભે શહેરમાં પ્રથમવાર સવા લાખ પંચમુખી રૂદ્રાક્ષના મહાશિવલિંગ દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહાશિવ લિંગ દર્શન સમગ્ર શ્રાવણ માસ દરમિયાન યોજાશે તથા જેનો જલાભિષેક પણ કરાશે.

સે-૭ સી ખાતે શિવશકિત મંદિરમાં આગામી પવિત્ર શ્રાવણ માસ દરમિયાન ગાંધીનગરમાં પ્રથમવાર સવા લાખ પંચમુખી રૂદ્રાક્ષ દ્વારા મહાશિવલિંગ તૈયાર કરાશે. આ મહાશિવલિંગની ઉંચાઈ ૧૬ ફુટની રહેશે. શ્રાવણ સુદ-૧ તા. ૩જી ઓગષ્ટના રોજ સવારે ૭.૩૦ કલાકે આ મહાશિવલિંગ દર્શનનો પ્રારંભ કરાશે. આ દિવસે ૮ કલાકે પ્રથમ પુજા યોજાશે અને મહાશિવલિંગનું અનાવરણ ૮.૩૦ કલાકે કરાશે અને ૯.૦૦ કલાકે દિપ પ્રાગટય વિધિ યોજાશે. આ મહાશિવલિંગ દર્શનના આયોજક લાલુભા વાઘેલા તથા તળજાભાઈ દેસાઈ છે જયારે આયોજન કર્તા આશિષભાઈ શાસ્ત્રી છે.



ગાંધીનગરના સેકટર-૨૩માં નાથીબા આર્ટસ એન્ડ ઉમાબા કોમર્સ કોલેજ ખાતે સે-૧૬ની વિદ્યા લાયબ્રેરીના સંયુકત ઉપક્રમે પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પુસ્તક મેળાનું ઉદઘાટન કોલેજના આચાર્યા અમૃતાબેન પટેલે કર્યું હતું. આ પ્રસંગે વિદ્યા લાયબ્રેરીના પ્રદિપસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા. આ પુસ્તકમેળામાં વિદ્યાર્થીઓના અભ્યાસને લગતા પુસ્તકો ઉપરાંત જીવનોપયોગી વાંચનના લગભગ તમામ ક્ષેત્ર અને વિષયને આવરી લેતા પુસ્તકો પ્રદર્શિત કરાયા હતા. આ મેળામાં મોટી સંખ્યામાં ઉમટેલા વિદ્યાર્થીઓ જોઈ યુવાઓમાં હજુ પણ વાંચન પ્રત્યે લગાવ હોવાનું જણાઈ આવે છે.



શ્રી સ્વામિનારાયણ મંદિર સેકટર-૨૩ ખાતે 'સુગંધી શલાકા'ના સુંદર કલાત્મક હિંડોળાનો ભકતજનોએ લ્હાવો લીધો હતો.

## સિવિલની નર્સને એટીએમ મેનેજરનાં નામે ૩૨હજારનો ચૂનો

### એટીએમનો ઓટીપી નંબર મેળવી બે તબક્કામાં રૂ. ૩૨ હજાર મીનીટોમાં ઉઠાવી લીધા

ગાંધીનગર, તા.૨૫

બેંક ખાતેદારોને એટીએમ મેનેજર કહી લાખોનો ચૂનો લગાવતા ઓનલાઈન છેતરપીંડીના કિસ્સા સતત વધી રહ્યા છે. ગાંધીનગર સિવિલની નર્સ પણ આવા ગઠીયાનો શિકાર બની છે. ગઠીયાએ એટીએમ મેનેજર બની ફોન પર નર્સના એટીએમ કાર્ડનો ઓટીપી કોડ મેળવી મિનિટોમાં રૂ. ૩૨ હજારની છેતરપીંડી કરી નાંખી છે. આ ઓનલાઈન છેતરપીંડી મામલે નર્સે સે-૭ પોલીસ મથકમાં જાણવાજોગ નોંધાવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર આધુનિક ઈન્ટરનેટના જમાનામાં છેતરપીંડીના બનાવો પણ ઓનલાઈન બની રહ્યા છે અને સાથે આવા ગુનામાં સતત વધારો પણ થઈ રહ્યો છે. દરરોજ બેંકના એટીએમ મેનજેર બની બેંકના ખાતેદારોને લાખોનો ચૂનો લગાડતા તત્વો પણ સક્રીય બન્યા છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલની નર્સ પણ આવા ગઠીયાનો શિકાર બની છે. સિવિલ હોસ્પિટલમાં નર્સ તરીકે સેવા કરતી મમતાબેન સેવાલીયાને એટીએમ મેનેજરના નામે ફોન આવ્યો હતો. અને તમારું એટીએમ બંધ થઈ ગયું છે તમારે નવો પાસવર્ડ લેવો પડશે તેમ કહી મહિલા પાસેથી પાસવર્ડ મેળવી લીધો હતો અને મિનીટોમાં જ રૂ. ૩૨ હજારની રોકડ ઉઠાવી લીધી હતી. નર્સ કંઈ પણ સમજે તે પહેલા જ આ ગઠીયાએ મહિલાને ૩૨ હજારનો ચૂનો લગાવી દીધો હતો. આમ મહિલાએ પોતાની સાથે થયેલી છેતરપીંડી મામલે સે-૫ પોલીસમાં અરજી આપી છે. પોલીસે નર્સની અરજીને આધારે વધુ તપાસ હાથ ધરી છે.



ગાંધીનગર શહેરમાં વિવિધ સ્થળોએ લાગતા કપડા, ઈમીટેશન જવેલરી, ફર્નીચર સહિતની ચીજવસ્તુઓના સેલના સ્થળોએ પ્રતિબંધીત પ્લાસ્ટીક બેગનો બેફામ ઉપયોગ થયો હોવાની માહિતીને આધારે ઓફીસર મહેશ મોડ તથા તેમની ટીમે દરોડા પાડયા હતા. આજે સે-૭ કોમ્યુનીટી હોલ અને સે-૧૨ વિશ્વકર્મા વાડી ખાતે આવેલા હોલમાં દરોડા પાડી બંને સ્થળોએથી મળી ૮૫ કિલો પ્લાસ્ટીક બેગનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.

## વાતવાતમાં

● ગાંધીનગરના એડવોકેટ શંકરસિંહ ગોહિલ, દેવેન્દ્ર સુખડિયા, બિપીન પંડયા, નરેન્દ્રસિંહ રાઠોડ તથા કિન્નર નાયી હિમાલય ખાતે શ્રીખંડ કૈલાસની યાત્રા પૂર્ણ કરી હેમખેમ પરત ફર્યા છે. ૧૮૪૫૦૦ ફુટની ઊંચાઈ સુધીની શ્રીખંડ કૈલાશ પર્વતની યાત્રા એ સૌથી કઠિન યાત્રા માનવામાં આવે છે જે શહેરના શ્રધ્ધાળુએ અડગ મનોબળથી પરિપૂર્ણ કરી છે.

● સે-૪માં દબાણ દૂર કરવા ગયેલ ફાયર બ્રિગેડની દબાણ ટીમના ફાયર કર્મી ખુમાનસિંહના પગે મચકોડ આવી જવા પામી છે. આ મચકોડ તેમને દબાણ દૂર કરવાની કામગીરી દરમિયાન પગ ખાડામાં આવી જતા આવી હતી.

● ગાંધીનગરના સાયકલ શેરીંગ પ્રોજેકટનો અભ્યાસ કરવા સીંગાપોરનું એક ડેલીગેશન શહેરની મુલાકાતે આવ્યું હતું. આ ડેલીગેશનની મુલાકાત દરમિયાન શહેરની છાપ સારી ઉપસે તે હેતુથી શહેરના મુખ્ય માર્ગો નજીકના દબાણો તાત્કાલિક ધોરણે હટાવી દેવાયા હતા.

● શહેરના ખ-૫ સર્કલ નજીક મોડી રાત્રે એક મહિલાએ ચિક્કાર દારૂ પીને નશામાં ભારે બફાટ સાથે હંગામો કર્યો હતો. આ સમયે એકત્રિત ટોળામાંથી કોઈએ ૧૮૧ અભયમ હેલ્પલાઈનને ફોન કર્યો હતો પણ તેમણે આવીને આ કેસ તેમનો નથી તેવું જણાવતા છેવટે ૧૦૧ ડાયલ કરી પીસીઆરવાન બોલાવાઈ મહિલાને પોલીસના હવાલે કરાઈ હતી.

● સે-૧૭ની લાયબ્રેરી નજીક થયેલા જુથ અથડામણની તપાસમાં કેટલાક યુવાનો પોલીસને મદદરૂપ થઈ રહ્યા છે. જો કે સીસીટીવી કેમેરાના ફુટેજમાં આ મદદરૂપ બનનાર યુવાનોમાંથી એક યુવાન પોતે હાથમાં લાકડી સાથે દેખાતા પોલીસે તેને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## જે.એમ.ચૌધરી વિદ્યાલયમાં વાલી સંમેલન યોજાયું

ગાંધીનગર, તા.૨૫

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયનું ધો-૧ થી ૧૨ના વિદ્યાર્થીઓની વાલી મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 'માતૃમંડળ' અને 'પિતૃમંડળ'નું આયોજન કરવામાં આવેલ છે. વાલીઓને પરીક્ષા પધ્ધતિની જાણ અને ઘરે અભ્યાસ, યોગ્ય વાતાવરણ અંગે સુચનો આપવામાં આવ્યા હતા. ૩ ડી ડોકયુમેન્ટરી ફિલ્મ દર્શાવવામાં આવી હતી. ૩૪૫ વિદ્યાર્થીનીઓએ ન્યુરોલોજીકલ સાયન્સ, જુરાસીક પાર્ક, શાર્ક આઈસલેન્ડ, ઈન સ્પેસ જેવી ફિલ્મો દર્શાવવામાં આવી હતી. આચાર્યશ્રી સંતોકબેન ચૌધરીના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું આયોજન સફળ બન્યું હતું.

# સરનામું પુછવા ઉતરેલ ટ્રકચાલક ઉલમાંથી ચુલમાં પડયો...!!

## સે-૨૪ નજીક જમીન બેસી જતા ટ્રક ફસાઈ : બે-બે ક્રેઈનના સહારે ટ્રક બહાર કઢાઈ અગાઉ તંત્રએ કરેલા નબળા પુરાણને કારણે નિર્દોષ ટ્રક ચાલકને સહન કરવું પડયું

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનરના ગ માર્ગ પર સેકટર-૨૪ પાસે આજે એક ટ્રક રોડ સાઈડમાં જમીનમાં ફસાઈ જવા પામી હતી. આ ટ્રકને બહાર કાઢવા બે ક્રેઈનનો ઉપયોગ કરવો પડયો હતો.

ઉલમાંથી ચૂલમાં પડવા જેવી ઘટના આજે સેકટર-૨૪ નજીક ગ માર્ગ પર સર્જાઈ હતી. એક સિમેન્ટ મિકસ ભરીને જતી ટેન્કર ટાઈપની ટ્રકના ચાલકને જયાં જવાનું હતું તેનું ઠેકાણું કયાં આવ્યું તે ખબર ના હોવાથી હાથમાં સરનામાની ચબરખી લઈ ટ્રકને રોડ સાઈડ પાર્ક કરી કોઈ સ્થાનિક વ્યકિતને સરનામું પુછવા નીચે ઉતર્યો હતો. એ સરનામું પુછીને પરત આવ્યો તે દરમિયાન તેણે ટ્રક જયાં પાર્ક કરી હતી ત્યાં જમીન પોચી હોવાથી અને ટ્રકનું ૨૦ ટન સિમેન્ટ મિકસ સાથે કુલ ૩૨ ટન વજન હોવાથી તેના એક તરફના તમામ ટાયર જમીનમાં ઉતરી જવા પામ્યા હતા. આમ થવા પાછળ કદાચ થોડાક મહિનાઓ પહેલા આ માર્ગે ગટરના નવીનીકરણ માટે તંત્ર દ્વારા જે ખોદકામ કરાયું હતું તેનું પુરાણ કામ નબળુ હોવાનું બની શકે છે. પોતાની ટ્રક આમ ફસાયેલી જોઈ ડ્રાયવરે તેને બહાર કાઢવા પ્રયત્ન કર્યો હતો પરંતુ ટ્રક બહાર ના નિકળી શકતા છેવટે ક્રેઈન બોલાવવાની ફરજ પડી હતી. જો કે પહેલા બોલાવાયેલ ક્રેઈન પણ ટ્રકને બહાર ખેંચી ના શકતા બીજી મોટી ક્રઈન બોલાવી ટ્રકને બહાર કઢાવી હતી. આ કામગીરી નિહાળવા કૌતુકવશ નગરજનોનું ટોળુ પણ જમા થઈ જવા પામ્યું હતું. અંતે, ટ્રક બહાર આવતા સૌએ હાશકારો લીધો હતો. જો કે ટ્રક ડ્રાયવરને એક તો સરનામું ખબર નહોતી એમાં વળી ટ્રક ખાડામાં ફસાતા ઉલમાંથી ચુલમાં પડવા જેવો ઘાટ સર્જાયો હતો. આ માટે અગાઉ તંત્ર દ્વારા પુરણ કામમાં રખાયેલ બેદરકારી પણ જવાબદાર ગણી શકાય કે જેના કારણે એક ટ્રક ચાલકને ક્રેઈનથી ટ્રક ખેંચાવવાનો ખર્ચ ભોગવવાનો આવ્યો અને સમય પણ બગડયો તે વધારામાં!!



## વ્યાજખોરના ત્રાસથી પેથાપુરના યુવાને ઝેરી દવા ગટગટાવી

### બે દિવસે યુવાન ભાનમાં આવ્યો : ડાઈંગ ડીકલેરેશનમાં ગાંધીનગરના વ્યાજખોરનું નામ આપ્યું

ગાંધીનગર, તા.૨૫

પેથાપુર ગામમાં રહેતા ભરતસિંહ વાઘેલાએ ત્રણ દિવસ પહેલા વ્યાજખોરના ત્રાસથી કંટાળીને ઝેરી દવા પી લીધી હતી. ગંભીર હાલતમાં તેને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. ભરતસિંહ બે દિવસથી હોસ્પિટલમાં બેભાન હાલતમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો હતો. આજે ભાનમાં આવતા તેનું ડાઈંગ ડીકલેરેશન લેવામાં આવતા ગાંધીનગરના વ્યાજખોરનું નામ ખુલ્યું છે. નિલેશ દેસાઈ નામના શખ્સનું નામ આપતા પેથાપુર પોલીસે કાર્યવાહી શરુ કરી છે.

## ચિરવિદાય

- સ્વ. જાની કૌશિકકુમાર જયંતિલાલ, ઉ.વ. ૫૦
- સ્વ. પોપટભાઈ કે. દંતાણી, ઉ.વ. ૩૫